# એસએસવી કેમ્પસ ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત એસએસવી કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં શાળાના નર્સરીથી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, માધ્યમિક શિક્ષણ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર બી. એન. રાજગોર, પવન ચૌધરી અને સંસ્થાના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરવા ઉપરાંત આ અંગે લોકજાગૃતિ અર્થે સેકટર-૩માં ભવ્ય રેલીનું આયોજન પણ કર્યું હતું. શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરી કાર્યક્રમમાં ઉત્સાહનો વધારો કરવામાં આવ્યો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ ઉજ્જવળ પરિણામો મેળવ્યાં



ધર્મેન્દ્ર ત્રિવેદી



દિવ્ય ત્રિવેદી



મનન વ્યાસ



ધર્મેન્દ્ર સુથાર

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત પત્રકારત્વ વિભાગનું વર્ષ ૨૦૧૮-૧૯ની બેચનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે, વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યાં છે.

ગ્રેજ્યુએશન પૂર્ણ કરીને જોડાયેલા વિદ્યાર્થીઓથી લઈને સરકારી, અર્ધસરકારી, નિવૃત્ત અધિકારીઓથી લઈને સ્વતંત્ર વ્યવસાય અર્થે જોડાયેલા મોટી વયના વ્યક્તિઓ પરંતુ જીવનમાં હજુ પણ સમાજમાં કંઈક નવું જાણવા, કરવાની ખેવના ધરાવતાં વ્યકિતઓ આ અભ્યાસક્રમમાં જોડાય છે. એક વર્ષના અભ્યાસક્રમમાં જોડાઈને નવું શિક્ષણ પ્રાપ્ત કરે છે અને પોતાનો સાથી નવી પેઢીના વિદ્યાર્થીઓમાં પોતાના અનુભવોને ઠાલવતા હોય છે.

આ વર્ષના પરિણામમાં સરકારી કર્મચારી તરીકે કામ કરતાં ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી અને ગાંધીનગર સમાચાર દૈનિકની કાયદો અને કાનૂન કોલમના લેખન અને જાણીતા વકીલ અશ્વિન ત્રિવેદીના પુત્ર દિવ્ય અશ્વિન ત્રિવેદીએ ૭૬.૭૦ ટકા સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. નોંધનીય બાબત એ છે કે, અશ્વિનભાઈ ત્રિવેદી ૨૦૧૩-૧૪ના વિદ્યાર્થી રહી ચૂકયા છે.

મનન વ્યાસે ૭૩.૩૦ ટકા મેળવીને દ્વિતીય ક્રમાંક મેળવેલ છે. જયારે ગાંધીનગરની નામાંકિત ટાટા સર્વિસ સેન્ટર સેકટર-૨૮ના પ્રોપ્રાઈટર ધર્મેન્દ્રભાઈ સુથાર ૭૧.૭૦ ટકા સાથે તૃતીય ક્રમે રહ્યા છે. જયારે રૂત્વી વ્યાસ, પ્રાચી શુકલ, પૂજા મહારાજા, ઉમંગ રાવલ, ધવલ ડોડીયા, ભાવેશ પટેલ, યાત્રી પટેલ, પ્રતિપાલસિંહ વાઘેલા, હાર્દિક દવે સહિતના વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય પરિવાર વતી ચેરમેન વલ્લભભાઈ પટેલ, પત્રકારત્વ વિભાગ અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને સંયોજક મિતેષ મોદી દ્વારા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯-૨૦ માટે પત્રકારત્વ વિભાગમાં એડમિશનની તક હજુ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓનો સત્વરે પ્રવેશ મેળવી લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે. એડમિશન અને તે સબંધી વિગતો માટે મિતોષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક સાધવા સંસ્થાએ વધુમાં જણાવ્યું છે.

## જન્મદિને વધામણી



સી ડી ધનેશ્વર

ફોન : ૨૩૨ ૨૫૩૫૭

મો. ૯૪૨૯૦ ૬૩૯૧૮



રઘુસિંહ ગોલ

મો. ૯૮૨૫૪ ૮૧૨૭૭



ઉલ્લાસબેન તેજસભાઈ દવે

મો. ૭૦૪૩૭ ૧૬૧૦૪



હીના અતુલકુમાર પ્રજાપતિ

મો. ૯૯૦૯૯ ૫૯૧૬૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ડૉ. તુષાર કે બારૈયાના જન્મદિન નિમિત્તે

# સ્વામિ યોગાનંદ હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૯

સ્વામિ યોગાનંદ હાઈસ્કૂલ, જીઈબી ખાતે રામસ્વામિના માર્ગદર્શન હેઠળ આચાર્ય વિષ્ણુભાઈ પટેલના સહયોગથી ડૉ. તુષાર કે બારૈયાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, આઈએફએસ અધિકારી નિત્યાનંદ શ્રીવાસ્તવ, ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, ડેન્ટીસ્ટ ડૉ. તુષાર કે બારૈયા, પૂર્વ મેયર હંસાબેન મોદી, પી કે જોષી અને જીઈબીના શ્રીયુત થોમસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. તુષારે ખાસ છોડ માટે ૧૦૦ ટકા જૈવિક વિઘટન પામે એવી બેગ બનાવડાવી એમાં છોડ મુકી સ્કૂલને ભેટ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક એ પી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રેરણા વિદ્યાલયમાં ઉજવાયો પર્વોત્સવ





ગાંધીનગર, તા. ૧૯

સેકટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે ગૌરીવ્રત અનો ગુરુપૂર્ણિમા ઉજવણી નિમિત્તો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક ગુરુઓનું પૂજન કર્યું હતું તથા બાળાઓ માટે વેશભૂષા કાર્યક્રમ આ પ્રસંગે યોજવામાં આવ્યો હતો. બાળાઓએ શાળામાં જ ગોરમાના પૂજનની વિધિ કરી હતી અને ત્યારબાદ તમામ બાળકોને શાળા તરફથી પૂરી-શાક-બૂંદીનું ભોજન કરાવવામાં આવ્યું હતું. શિક્ષક રાહુલભાઈ ચૌહાણ અને મોનાબેન પટેલે વાર્તાના માધ્યમથી ગુરુનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. પ્રાથમિક વિભાગના આચાર્ય મહેશભાઈ પટેલે બાળકો પાસેથી ગુરુદક્ષિણા રૂપે શિસ્તપાલનનું વચન લીધું હતું. માધ્યમિક વિભાગના આચાર્ય મનીષભાઈ ખત્રી તથા ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો આશીર્વાદ પાઠવ્યા હતા.

# આર્કિટેક્ટ બનવા શું કરવું ? માહિતી આપશો





નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. આર્કિટેક્ટ બનવા શું કરવું ? માહિતી આપશો.**

**- રાજન દવે, ગાંધીનગર**

આ ક્ષેત્રમાં સુ-વ્યવસ્થિત ડિઝાઈન, સુરક્ષા વ્યવસ્થાપન, સૌંદર્ય શાસ્ત્ર, સામગ્રી સંચાલન વગેરે જેવા વિવિધ કાર્યો આવરી લે છે.આપ આર્કીટેકચરમાં બેચલર ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી આર્કિટેકટ બની શકો છો.આર્કીટેક્ટ નું કાર્ય સ્થાન અને આંતરિક ડિઝાઈન અને આવશ્યકતાઓને આધારે કાર્યોનું વિશ્લેષણ કરવાનું, સ્કેચ અને મોડેલ્સ સાથે કામ કરવાનું, દા.ત.હાથ દ્વારા અથવા ૩-ડી મોડેલ્સ તરીકે ઈમારતો દોરવાનું, બિલ્ડરો સાથે વાટાઘાટો,ઈજનેર અને કોન્ટ્રાક્ટરનું કામ સમજવાનું, પ્રોજેક્ટ વિશે કાયદાકીય માહિતી,બાંધકામ પ્રક્રિયા સાથે નું વિશ્લેષણ, વહીવટી કાર્ય,બાંધકામ કંપનીમા અથવા જાહેર વહીવટમાં કામ કરવાનું હોય છે.આર્કિટેક નું મુખ્ય કામ ક્લાઈન્ટ એટ્લે કે ગ્રાહક ની જરૂરિયાત ને સમજી એના ઉપર કામ કરવાનું હોય છે. બેચલર ઑફ આર્કિટેક્ચર (બી.આર્ચ.)



૫ વર્ષનું પૂર્ણ-સમય અવધિ કાર્યક્રમ છે. તે ૧૦ સેમેસ્ટરનું બનેલું છે. બેચલર ઑફ આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે આપે બારમું ધોરણ ગણિત અને અંગ્રેજી વિષય સાથે ન્યુનત્તમ ૫૦% માર્કસ સાથે પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ જે.ઈ.ઈ. અને એન. એ. ટી. એ. (નેશનલ એપ્ટિટ્યુડ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર) પ્રવેશ પ્રક્રિયા ધ્વારા પણ પ્રવેશ મેળવી શકો છો. આર્કિટેકચરની વ્યવસાયિક પ્રેક્ટિસમાં એન્જિનિયરિંગ, આર્ટ્સ અને તકનીકી ક્ષેત્રોના વિષયો પર કામ કરવાનું હોય છે. આપ બેચલર ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી આ ક્ષેત્ર માં માસ્ટર તથા ત્યાર બાદ પી.એચ.ડી પણ કરી શકો છો.આ ક્ષેત્ર માં આપની પાસે શૈક્ષણિક લાયકાત ઉપરાંત અન્ય ફાવટ પણ હોવી જરૂરી છે.જેમ કે કોમ્યુનિકેશન સ્કિલ એટ્લે કે વાતચીત કરવાની આવડત, શારીરિક ક્ષમતા પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે.એ સિવાય ધીરજ,એક ટીમ તરીકે કામ કરવું, વિચારવાની અલગ ક્ષમતા ,પારખી નજર વગેરે વસ્તુ પણ અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હાલ હું સરકારી નોકરી ની તૈયારી કરું છું.પણ મને એક ડર એ છે કે શું હાલ જેટલી સંખ્યા માં ભરતી બહાર પડે છે એ આવનારા સમય માં ઘટી શકે એટ્લે કે સરકારી નોકરી ઓછી થતી જશે?**

**- હિરેન પંડ્યા, ગાંધીનગર**

હિરેન, આપનો સવાલ ખૂબ સરસ અને વિચારાત્મક છે.હાલ આપણે આજુ બાજુ ની પરિસ્થિતી પર નજર કરીએ તો તો દરેક ૫ માંથી ૪ વિદ્યાર્થીઓ સરકારી નોકરી મળવવા ની ઈચ્છા સેવતા હોય છે અથવા તો એ માટે ની તૈયારી કરતાં હોય છે.હવે આ આખી પરિસ્થિતી નું વિશ્લેષ્ણ કરીએ તો ખ્યાલ આવે કે છેલ્લા થોડા વર્ષો થી સરકારી નોકરી માં રુચિ વિદ્યાર્થીઓની વધતી જાય છે ,પછી એ વિદ્યાર્થી એ બી.કોમ કર્યું હોય કે બી.એસ.સી અથવા તો




એંજિનિયરિંગ કર્યું હોય.એ પાછળ ના સૌથી મોટા કારણ ની વાત કરીએ તો સરકારી નોકરી કાયમી હોય છે એટ્લે કે એક વાર સરકારી નોકરી મળી ગયા પછી ૫૮ થી ૬૦ વર્ષ સુધી એ નિયમિત ચાલુ રહે છે એટ્લેકે ટૂંક માં આપનું ભવિષ્ય સિક્યોર એટ્લે કે સુરક્ષિત થઈ જાય છે.બીજું કારણ એ છે કે હાલ સ્નાતક થયા પછી ઘણા વિદ્યાર્થીઓ સારી કહી શકાય એવી પ્રાઈવેટ જોબ મેળવી ના શકતા એ લોકો પણ સરકારી નોકરી તરફ આકર્ષિત થતાં હોય છે. હવે આ આખી પરિસ્થિતીને હકીકત માં જોઈએ તો એ તારણ આવે કે આ દરેક વિદ્યાર્થીઓ કે જે સરકારી નોકરી નોકરી ની તૈયારી કરે છે એમાંથી જોબ મેળવનાર ની સંખ્યા ખૂબ ઓછી છે.કારણકે ફક્ત ગુજરાત ની વાત કરીએ તો એક સામાન્ય ૧૫૦૦ સરકારી નોકરી ની જગ્યાઓ માટે ૧૨ થી ૧૩ લાખ લોકો અરજી કરતાં હોય છે.એટ્લે બાકી એ ૧૫૦૦ સિવાય ના બાકી ના લોકો ફરીથી એજ પરિસ્થિતી માં આવી જતાં હોય છે.એટ્લે આપના મૂળ પ્રશ્ન પર આવીએ તો એની પૂરેપુરી શક્યતાઓ રહેલી છે કે સરકાર દર વર્ષે વધુ સંખ્યા માં ભરતી બહાર ના પાડી શકે.એટ્લે આપે વધુ મહેનત કરી ને જેટલું જલ્દી બની શકે એટલું સરકારી નોકરી માટે પ્રયાસ કરી શકો છો.અને વધુમાં એ પણ જણાવી દઈએ કે જો કોઈ પરીક્ષા માં દુર્ભાગ્યે ઉત્તીર્ણ ના થઈ શક્યા તો શું? એટ્લે કે આપે એક બેક-અપ વિકલ્પ પણ વિચારી રાખવો જેથી આપ ભવિષ્ય માં કોઈ વિકટ પરિસ્થિતીમાંના મુકાઓ.

**૩. હું હાલ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું.હું સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગુ છું પણ થોડો ડર લાગે છે.શું આ ક્ષેત્રમાં જવું હિતાવહ છે? માહિતી આપશો.**

**- અંકિત અગરવાલ, અમદાવાદ**

અંકિત, સૌપ્રથમ આપને જણાવી દઈએ કે આપનો પ્રશ્ન ફક્ત આપના એકલા નો નથી. આપ જેવા અનેક વિધ્યાર્થીઓ ને આ પ્રશ્ન ઉદભવે છે.ખાસ કરી ને આપણાં ગુજરાત ના વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રે જવા માં ખચકાટ અનુભવતા હોય છે.જેનું મુખ્ય કારણ એમના મન માં ભરાઈ ગયેલ અમુક ગેરમાન્યતાઓ હોય છે.મોટા ભાગ ના લોકો એમ વિચારતા હોય છે કે સંરક્ષણ ક્ષેત્ર એટ્લે માત્ર યુદ્ધ ના ક્ષેત્ર માં કામ કરવું એટ્લે કે જીવ ના જોખમે કામ કરવું.પણ આપને જણાવી દઈએ કે આ એકદમ ખોટી બાબત છે.નિઃશંદેહ સંરક્ષણ ક્ષેત્રે આપ જો ફક્ત યુદ્ધ અને આપતકાલીન વિભાગ માં કામ કરો છો તો એ બાબત સાચી ઠેરવી શકાય છે.પણ સંરક્ષણ ક્ષેત્ર માં એવા અનેક વિભાગો છે જ્યાં ફક્ત ઓફિસ વર્ક એટ્લે કે એડમીન ડિપાર્ટમેંટ નું કામ કરવાનું હોય છે.એના સિવાય પણ આપ અનેકાનેક વિભાગો માં કામ કરી અપ્રત્યક્ષ રીતે દેશ નિ સેવા નો લાભ લઈ શકો છો.આપને ખ્યાલ હશે કે સંરક્ષણ ક્ષેત્રે જોડાયેલ વ્યક્તિ ને સામાન્ય વ્યક્તિઓ કરતા સરકાર તરફ લોન,અન્ય ચીજ વસ્તુઓ અને ટ્રાવેલિંગ ક્ષેત્ર માં ઘણા વધુ



લાભ મળતાં હોય છે. એ સિવાય આ ક્ષેત્ર માં જોડાયેલ વ્યક્તિ ને નવી નવી જગ્યા એ ટ્રાવેલિંગ થકી આપ નવા નવા સ્થળો ની મુલાકાત લઈ શકો છો.આમ આપ જો સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માંગો છો તો આપ જરૂર જોડાઈ શકો છો અને દેશ સેવા કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર : 88492 21653

ફેસબુક: www.facebook.com/questions.careercorner

# આશ્રમની ઝાંખી

॥ બીજો મણકો ॥

આમ કહી શેઠે પોતાના વાણોતરને નમૂના લાવવાનો ઈશારો કર્યો. ચૂંથામાંથી બનેલી કામળના એ નમૂના હતા. તે લઈ તેમણે કહ્યું: 'જુઓ, આ માલ અમે નવો બનાવ્યો છે, તેની સારી ખપત છે. ચૂંથામાંથી બનાવ્યો છે એટલે સોંઘો તો પડે જ. આ માલ અમે છેક ઉત્તર લગી પહોંચાડીએ છીએ. અમારા એજંટો ચોમેર પથરાયેલા છે. એટલે તમે જુઓ છો કે, અમને તમારા જેવા એજંટની જરૂર નથી રહેતી. ખરું તો એ છે કે, જ્યાં તમારા જેવાનો અવાજ સરખોયે ન પહોંચે ત્યાં અમારો માલ પહોંચે છે. વળી તમારે એમ પણ જાણવું જોઈએ કે, હિંદુસ્તાનને જોઈએ એટલો માલ અમે ઉત્પન્ન કરતા પણ નથી. તેથી સ્વદેશીનો સવાલ તે મુખ્યત્વે ઉત્પન્નનો છે. જ્યારે અમે જોઈતા પ્રમાણમાં કાપડ પેદા કરી શકીશું ત્યારે, ને જાતમાં સુધારો કરી શકીશું ત્યારે, પરદેશી કાપડ આવતું તેની મેળે બંધ થઈ જશે. તેથી મારી સલાહ તો તમને એ છે કે, તમે જે રીતે ચલાવો છો તે રીતે તમારી સ્વદેશી ચળવળ ન ચલાવો, ને નવી મિલો કાઢવા તરફ ધ્યાન આપો. આપણે ત્યાં સ્વદેશી માલ ખપાવવાની ચળવળની જરૂર નથી, પણ ઉત્પન્ન કરવાની છે.'

'ત્યારે હું એ જ કામ કરતો હોઉં તો તો તમે આશીર્વાદ આપો ના ?' હું બોલ્યો.

'એ કેવી રીતે ? તમે જો મિલ ખોલવાનો પ્રયત્ન કરતા હો તો તમને ધન્યવાદ ઘટે છે.'

'એ તો હું નથી કરતો. પણ હું તો રેંટિયાપ્રવૃત્તિમાં રોકયો છું.'

'એ શું ?'

મેં રેંટિયાની વાત કહી સંભળાવી ને ઉમેર્યું : 'તમારા વિચારને હું મળતો આવું છું. મારે મિલોની એજન્સી ન કરવી જોઈએ. તેથી ફાયદાને બદલે નુકસાન જ છે. મિલોનો માલ કાંઈ પડ્યો નથી રહેતો. મારે તો ઉત્પન્ન કરવામાં ને જે કાપડ ઉત્પન્ન થાય તે ખપાવવામાં રોકાવું જોઈએ. અત્યારે તો હું ઉત્પન્નમાં જ રોકાયો છું. આ પ્રકારના સ્વદેશીમાં હું માનું છું કેમ કે તે વાટે હિંદુસ્તાનનાં ભૂખે મરતાં, અરધા ધંધા વિનાનાં બૈરાંને કામ આપી શકાય. તેઓ કાંતે તે સૂતર વણાવવું ને તે ખાદી લોકોને પહેરાવવી એ મારી વૃત્તિ છે ને એ ચળવળ છે. રેંટિયાપ્રવૃત્તિ કેટલી સફળ થશે એ તો હું નથી જાણતો. હજુ તો માત્ર તેનો આરંભકાળ છે. પણ મને તેમાં પૂરો વિશ્વાસ છે. ગમે તેમ હોય પણ તેમાં નુકસાન તો નથી જ. હિંદુસ્તાનમાં ઉત્પન્ન થતા કાપડમાં જેટલો વધારો આ ચળવળથી થાય એટલો લાભ જ છે. એટલે આ પ્રયત્નમાં તમે કહો છો તે દોષ તો નથી જ.' 'જો એ રીતે તમે ચળવળ ચલાવતા હો તો મારે કંઈ કહેવાનું નથી. આ યુગમાં રેંટિયો ચાલે કે નહીં એ જુદી વાત છે. હું તો તમને સફળતા જ ઈચ્છું છું.'

